


ખંડ-૩
અંક-૧૧
નવેમ્બર ૨૦૧૭


# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
કૃષિ ઉદય...



અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી
માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક
મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર
સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ
સંપાદક :
ડૉ. હેમંત શર્મા
વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા
પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## ખાદ્યપદાર્થોમાં ફુગાવાથી રવિ પાકના ઉંચા લઘુતમ ટેકાના ભાવની (એમએસપી) જાહેરાત




ભારત સરકારે ઘઉં માટે લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) પ્રતિ ક્વિંટલ રૂ.૧૦૦ વધારીને રૂ.૧૭૩૫ પ્રતિ ક્વિંટલ કર્યો છે. પાછલા વર્ષના લઘુતમ ટેકાના ભાવમાં ૬.૮% નો વધારો કર્યો છે જે ૭ વર્ષમાં સૌથી વધારે છે અને પંજાબ, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં રવિ ઋતુમાં વાવેતરની પહેલા કરવામાં આવેલ છે.

ઘઉં સાથે ચણાના (મુખ્ય શિયાળુ કઠોળ) લઘુતમ ટેકાના ભાવ પ્રતિ ક્વિંટલ રૂ.૩૭૦૦ માં ૧૦% વધારીને પ્રતિ ક્વિંટલ રૂ.૪૪૦૦ કરવામાં આવેલ છે, જ્યારે રાયડાના (એક શિયાળુ તેલિબીયાં) ટેકાના ભાવમાં ૮% વધારો કરવામાં આવ્યો હતો. ખેડૂતો દ્વારા લાભદાયી પાકના ભાવ માંગ સાથે અનેક રાજ્યોના વિરોધ બાદ આ વધારો વધ્યો છે અને તે ૨૦૧૭-૧૮માં ખરીફ પાકના અંદાજિત ઉત્પાદન પછી અસમાન દક્ષિણ-પશ્ચિમનો વરસાદ બાદ, વાર્ષિક ધોરણે તે ૨.૮% ઘટ્યા હતા.

અન્ય શિયાળુ પાકોમાં ભારત સરકારે દાળના ભાવમાં ૭.૬% નો વધારો કરીને રૂ.૪૨૫૦ પ્રતિ ક્વિંટલ જ્યારે સૂરજમુખી માટે એમએસપી ૧૧ ટકા વધીને રૂ.૪૧૦૦ પ્રતિ ક્વિંટલ કરવામાં આવેલ છે. શિયાળાના પાકની વાવણી ઑક્ટોબરમાં શરૂ થાય છે અને આગામી માર્ચ સુધીમાં લણણી થાય છે.

## ઉત્પાદિત દૂધનું મૂલ્ય અનાજના કુલ મૂલ્ય કરતાં વધી ગયું



કૃષિ અને સંબંધિત ક્ષેત્રોના ઉત્પાદનના મૂલ્યના કેન્દ્રિય આંકડા બ્યૂરોના (સીએસઓ) વિગતવાર પાકના અંદાજ મુજબ, ૨૦૧૪-૧૫માં દેશના ખેડૂતોએ રૂ. ૪૯૫૮૪૧ કરોડના મૂલ્યનું દૂધ ઉત્પાદન કર્યું હતું.

આ મહિને પ્રકાશિત થયેલ તાજેતરના આંકડા મુજબ પ્રથમ વખત દૂધનું મૂલ્ય અનાજ (ધાન્ય અને કઠોળ)ના કુલ મૂલ્યથી વધીને રૂ.૪૮૬૮૪૬ કરોડ થયું હતું અને તે ડાંગરના મૂલ્ય રૂ.૨૨૬૪૮૧ કરોડ અથવા ઘઉંના મૂલ્ય રૂ.૧૨૮૯૯૮ થી પણ વધારે હતું.

જો કે ૧૫ વર્ષ પહેલાં એવું ન હતું. ૧૯૯૯-૨૦૦૦ માં દૂધ ઉત્પાદનનું મૂલ્ય રૂ.૮૮૦૯૨ કરોડ હતું અને તે અનાજના મૂલ્ય રૂ.૧૩૪૦૯૬ કરોડના બે તૃતિયાંશ જેટલો પણ ન હતો, પણ તે ડાંગરના મૂલ્ય રૂ.૭૦૪૧૬ કરોડ અને ઘઉંના મૂલ્ય રૂ.૪૬૨૨૪ કરોડ કરતાં વધારે હતો.

આજે, કૃષિ આવકમાં માત્ર હરિયાળી ક્રાંતિનો ફાળો જ નથી, પરંતુ ખેત ક્ષેત્રે પેદા થયેલ દરેક પાંચ રૂપિયામાં- જેમાં પશુઓનું દૂધ ઉત્પાદન અને માછીમારીના કુલ ઉત્પાદન મૂલ્યનો સમાવેશ થાય છે. પાકની આવકના સમયગાળા દરમિયાન ખેડૂત અથવા નજીકના પ્રાથમિક બજારના ઉત્પાદકો દ્વારા મેળવવામાં આવતાં ભાવો સાથે તેના ઉત્પાદનને ગુણાકાર કરીને કોઈપણ પાકનું મૂલ્ય મેળવવામાં આવે છે.

### ઉત્પાદન મૂલ્યમાં છેલ્લાં ૧૫ વર્ષમાં આવેલ મોટા પરિણામો

| | ૨૦૧૪-૧૫ | '૯૯-૨૦૦૦ |
|---|---|---|
| દૂધ | ૪,૯૫,૮૪૦.૫૨ | ૮૮,૦૯૨.૨૩ |
| ફળા શાકભાજી | ૪,૫૧,૯૦૨.૯ | ૮૬,૩૩૪.૯૬ |
| ધાન્યો | ૪,૧૩,૯૦૩.૧૧ | ૧,૩૪,૦૯૬.૪૪ |
| માંસ | ૧,૫૪,૧૪૮.૦૨ | ૨૧,૯૩૮.૮૭ |
| માછલી | ૧,૩૬,૨૫૩.૨૯ | ૨૨,૨૯૨.૮૫ |
| તેલીબિયાં | ૧,૨૬,૭૫૨.૬૬ | ૨૮,૬૨૫.૪૪ |

| | ૨૦૧૪-૧૫ | '૯૯-૨૦૦૦ |
|---|---|---|
| શેરડી | ૯૬,૬૭૧.૮૨ | ૨૪,૪૯૩.૬૮ |
| મરી મસાલા | ૭૩,૨૫૬.૪૯ | ૧૫,૪૪૬.૮૬ |
| કઠોળ | ૭૨,૯૪૨.૭૬ | ૧૮,૧૫૩.૨૭ |
| કપાસ | ૭૦,૭૧૩.૬૩ | ૧૧,૭૫૨.૦૬ |
| કુલ* | **૨૪,૬૨,૪૫૯.૩૧** | **૫,૩૪,૫૮૯.૨** |

*બધા જ પાક, પશુપેદાશ અને મત્સ્ય પેદાશ (બધા જ આંકડા કરોડ રુપિયામાં)*

કેન્દ્રિય આંકડા બ્યૂરોના (સીએસઓ) આંકડા દર્શાવે છે કે ફળો અને શાકભાજી ઉત્પાદન મૂલ્ય જે અનાજ ઉત્પાદન મૂલ્યને પાર કરે છે; અને આ ૨૦૧૪-૧૫ માં પહેલીવાર થયું. ૧૯૯૯- ૨૦૦૦ અને ૨૦૧૪-૧૫ વચ્ચે, બાગાયતી પેદાશનું મૂલ્ય પાંચ ગણું વધ્યુ છે. માછલી (આશરે ૬૦ ટકા જે હવે અંતર્દેશી દરિયાઇની તુલનામાં) અને માંસ (મરઘાં, બકરી અને ઘેટા, ભેંસ અને ડુક્કર) ઉત્પાદન મૂલ્યમાં અનુક્રમે છ ગણો અને સાત ગણો વધારો થયો છે. પંદર વર્ષ પહેલાં, માંસ અને માછલી ઉત્પાદન મૂલ્ય શેરડી અને ગોળ કરતાં ઓછું હતું, પરંતુ ત્યારથી તે અત્યારે વિપરીત છે.

આ તમામ વલણો આખરે આહારમાં પરિવર્તન દર્શાવે છે. જો ખેડૂતો દૂધ, ફળો-શાકભાજી, ઇંડા, માછલી અને માંસનું વધુ ઉત્પાદન કરે છે, તો તે ગ્રાહકો તરફથી એક એવો સંકેત છે કે જે પ્રોટિન અને પોષક તત્ત્વો યુક્ત વધુ સમૃદ્ધ ખોરાકની માંગ દર્શાવે છે. તો બીજી બાબત એ છે કે સરકારી નીતિ હજુ પણ ૨૦મી સદીમાં અટવાઈ છે, તે અનાજ અને કેલરીથી બહાર પ્રગતિ કરી શકી નથી.

## નિકાસ માટે ૧૦-૨૦% કૃષિ ઉત્પાદનની એપેડા દ્વારા માંગ



કૃષિ અને પ્રક્રિયિત ખાદ્ય ચીજવસ્તુ નિકાસ વિકાસ સત્તાધિકારીએ (એપીઈડીએએ) કેન્દ્ર સરકારને કૃષિ પેદાશો વાર્ષિક ૧૦-૨૦ ટકા નિકાસ કરવાની પરવાનગી આપવા માટે વિનંતી કરી છે. એપેડા-રજિસ્ટર્ડ ચીજવસ્તુની નિકાસમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. તેનું મુખ્ય કારણ સરકારની નીતિમાં વારંવાર આવતો બદલાવ, આયાતકારો લાંબા ગાળાની પુરવઠાની ખાતરી માટે વૈકલ્પિક સ્ત્રોતો તરફ વળ્યા છે.

દેશની કૃષિ અને પ્રક્રિયીત ફૂડ નિકાસ વર્ષ ૨૦૧૩-૧૪માં ૪૨.૯ અબજ ડોલરથી ઘટીને ૨૦૧૬-૧૭ માં ૩૩.૪ અબજ ડોલર થઈ હતી. ચોખા, કઠોળ, ઘઉં અને ખાંડની નિકાસમાં સરકારી નીતિઓમાં વારંવાર ફેરફાર, ક્યારેક નિકાસ પર પ્રતિબંધ અને જકાતમાં વધારા-ઘટાડાને કારણે ફેરફાર જોવા મળેલ છે. આબોહવા અને ઉત્પાદનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકાર સ્થાનિક જરૂરિયાતને અનુકૂળ કરવા માટે કૃષિ નિકાસ નીતિ બદલી રહી છે. આ ફેરફારોથી ભારત વૈશ્વિક આયાતકારોને અનિયમિત પુરવઠો પૂરો પાડનાર દેશ તરીકે ઓળખાય છે.

એપેડાના ચેરમેનશ્રી ડી કે સિંઘે 'નિકાસ વધારવા માટેની નીતિઓ'નો મુસદ્દો રજૂ કરતાં જણાવ્યું હતું કે નિકાસ નીતિમાં આવતા વારંવાર ફેરફારો અને ન્યૂનતમ નિકાસના ભાવમાં વધારો થવાથી ભારતને વિશ્વસનીય નિકાસકાર દેશ તરીકે ગણવામાં આવે નહીં. તેથી સ્થિર નિકાસની નીતિની આવશ્યકતા છે, કે જેના કારણે સીઝનમાં ચીજવસ્તુના ૧૦-૨૦ ટકા ઉત્પાદનની નિકાસ પર કોઈ અસર ન પડે અને બાકી પુરવઠો સ્થાનિક બજારો માટે ઉપલબ્ધ બની રહે.

નિષ્ણાંતોના મંતવ્ય મુજબ નિકાસ માટે આટલું જ પૂરતું હશે, કારણ કે આ પ્રકારના શિપમેન્ટ પ્રમાણ કરતાં વધી ગયાં નથી. ભારત વૈશ્વિક કૃષિ વેપારમાં ૨.૨ ટકાના દરે નવમું સ્થાન ધરાવે છે. વૈશ્વિક કૃષિ વેપારમાં અમેરિકા ૧૦.૪ ટકા, યુરોપિયન સંઘ ૧૦ ટકા અને બ્રાઝિલ ૫.૧ ટકા હિસ્સો ધરાવે છે. વૈશ્વિક ધોરણો અને કૃષિ ઉત્પાદનોની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં ભારતમાં નિકાસ માટે એક ખૂબ જ મોટી સંભાવના રહેલી છે. કુલ કૃષિ ઘરેલું ઉત્પાદનમાં કૃષિ નિકાસ ૧૩.૧ ટકા હિસ્સો ધરાવે છે. તેથી તેની અર્થતંત્ર પર મોટી અસર પડે છે. ભારત જ્યારે કૃષિ ક્ષેત્રે ખાદ્યમાંથી સ્વ-નિર્ભર દેશ બની રહ્યો છે, ત્યારે તેમાં પરિવહન, બજાર અને કાર્યક્ષમ બજારની ઉપલબ્ધિ વગેરે પડકારો વિકાસને અવરોધે છે.

નિકાસ બજાર માટે સતત વિશ્વસનીય પુરવઠો મળી રહે તે જરૂર છે. જો અમારી પાસે ચોક્કસ કૃષિ આગાહી તકનીક અને બફર પુરવઠાનો વધુ સારા અંદાજ હોય તો અમે ચોક્કસપણે કૃષિ નિકાસ માટે મધ્યમ-ગાળાની નીતિ બનાવી શકીએ છીએ. આ રીતે, પાકના ઉત્પાદનના વૈજ્ઞાનિક અંદાજ, બફર પુરવઠો, ભાવિ અંદાજ અને ઘરેલુ માંગને આધારે દેશને વિશ્વસનીય નીતિની જરૂર છે. જો ભાવિ અંદાજ ખોટા પડે તો આયાત માટેનાં વિકલ્પ ખુલ્લા રાખવા જોઈએ. આગામી પાંચ વર્ષ સુધી સંયુક્ત અને સારી રીતે પ્રગતિશીલ વ્યૂહરચનાની જરૂર છે.

## કૃષિ યુનિવર્સિટી વૈજ્ઞાનિકો ભારતમાં પ્રથમ વખત લિનન યાર્ન વિકસાશે





ઈન્દિરા ગાંધી કૃષિવિદ્યાલયના (આઈજીકેવી) વૈજ્ઞાનિકોએ ભારતમાં સૌપ્રથમ અળસીના છોડમાંથી કાપડનો યાર્ન વિકસાવેલ છે જે એક સીમાચિહ્ન નવીનીકરણ બની શકે છે. અત્યાર સુધીમાં ભારતીય લિનન કાપડ ઉત્પાદકોએ ભારતમાં તેની અછતને કારણે યાર્નની આયાત કરવી પડી છે.

ઈન્દિરા ગાંધી કૃષિવિદ્યાલયના (આઈજીકેવી) વૈજ્ઞાનિકો અળસીની ઉપજ વધારવા અંગે સંશોધન કરે છે અને તેનું ધ્યેય લિનન યાર્ન વિકસાવવા માટે અળસીના છોડનો ઉપયોગ કરે છે. આ સંશોધન પ્રોજેક્ટ હેઠળ યાર્નનો વિકાસ દેશમાં હેન્ડલૂમ અને કાપડ ક્ષેત્રમાં વધારો કરશે તેવી અપેક્ષા છે, જે અત્યાર સુધી લિનન ઉત્પાદન માટે આયાતી યાર્ન પર આધારિત છે.

## કૃષિ ખર્ચ અને ભાવ કમિશને શેરડીની વાજબી અને લાભદાયી કિંમત પ્રતિ ક્વિન્ટલ રૂ.૨૦ નો વધારો કરવાની દરખાસ્ત કરી

કૃષિ ખર્ચ અને ભાવ કમિશને (સીએસીપી) આગામી ઋતુ માટે ખાંડની કિંમતમાં રૂ.૨૭૫ પ્રતિ ક્વિંટલ દીઠ વાજબી અને લાભકારી ભાવે ૨૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધારવાની ભલામણ કરી છે.

વાજબી અને લાભદાયી કિંમત (એફઆરપી), લઘુતમ ભાવ ખાંડ મિલોએ ખેડૂતોને ચૂકવણી કરવી પડશે, જે ૨૦૧૭-૧૮ની ઋતુ માટે ક્વિન્ટલ દીઠ રૂ.૨૫૫ નક્કી કરવામાં આવી છે જે આ મહિનાથી શરૂ થાય છે. આગામી ૨૦૧૮-૧૯ની ઋતુ માટે, સીએસીપી દ્વારા ઉત્પાદન, પરિવહન અને પાક વીમા પ્રીમિયમ અને અન્ય ખર્ચને ધ્યાનમાં રાખીને પ્રતિ ક્વિન્ટલ એફઆરપીએ રૂ.૨૭૫ ની દરખાસ્ત કરવામાં આવી છે તેવુ અધિકારીએ પીટીઆઇને જણાવ્યું હતું.

આ બાબતે એક અહેવાલ તાજેતરમાં સીએસીપી દ્વારા ખાદ્ય મંત્રાલયને સુપરત કર્યો હતો, જે એક વૈધાનિક સંસ્થા છે કે જે સરકારને મુખ્ય ખેત પેદાશો માટેની કિંમત નીતિ પર સલાહ આપે છે.

એફઆરપીની કિંમત વસૂલાત દરમાં ૦.૧ ટકાના વધારા માટે ક્વિન્ટલના રૂ.૨.૬૮ ના પ્રીમિયમ દરના આધારે ૯.૫ ટકાના મૂળભૂત વસૂલાત દર સાથે જોડાયેલી છે. સામાન્ય રીતે, સરકાર સીએસીપી ભલામણોને સ્વીકારે છે. સૂચિત વધારો ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં પણ અમલી બની શકે તેવી શક્યતા છે કે જે કેન્દ્ર દ્વારા જાહેર એફઆરપીનું અમલીકરણ કરતું નથી.

મુખ્ય શેરડી ઉત્પાદક રાજ્યો જેવાં કે ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણા જેવા 'રાજ્ય સલાહકારી ભાવો' (એસએપી) તરીકે ઓળખાતી શેરડીની કિંમત નક્કી કરે છે, જે સામાન્ય રીતે કેન્દ્રના એફઆરપી કરતાં વધારે હોય છે. કૃષિ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રથમ અંદાજ મુજબ ૨૦૧૬-૧૭ના પાક વર્ષમાં ૩૦૬.૭૩ મિલિયન ટનની સરખામણીમાં આ વર્ષે સારા વરસાદને લીધે શેરડીનું ઉત્પાદન ૩૩૭.૬૮ મિલિયન ટન હોવાનો અંદાજ છે.

Book Post

To,

DOI : November 10, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864